ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# પી.એમ. નરેન્દ્ર મોદીના 'બર્થ-ડે'ની ઉજવણી જિલ્લાઓમાં પણ થશે

## ૧૭મી સપ્ટેમ્બરે જન્મેલા ભાઈ-બહેનને કચ્છના રણનો મફત પ્રવાસ

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણી આખું ગુજરાત કરશે તેવી સપ્ટેમ્બરે આવતો હશે તેમને આ કાઉન્સિલ તરફથી કચ્છના રણનો વિનામૂલ્યે પ્રવાસ કરાવાશે.



# આજે રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓ મહેસુલી અધિકારીઓને વોર્ડરચના વિશે સમજ આપશે

## દહેગામ ખાતે જિલ્લાના મહેસુલ અધિકારીઓની બેઠકમાં ચૂંટણી પંચના અધિકારીઓ વૉર્ડ રચના અંગે માર્ગદર્શન આપશે : ૨૦૧૧ની વસતી ગણતરીના આધારે સીમાંકનમાં ફેરફાર થવાથી માર્ગદર્શન જરૂરી બન્યું છે

ગાંધીનગર, તા. ૭

આજે રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓની ટીમ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની આવી રહેલી ચૂંટણીઓની તૈયારીને લઈ વિશેષ માર્ગદર્શન આપશે.

દહેગામ ખાતે જિલ્લાના મહેસુલી અધિકારીઓની મળનારી બેઠકમાં પંચના અધિકારીઓ વોર્ડ રચના કેવી રીતે કરવી તેમાં શું શું ધ્યાને લેવું તે સહિતની ઘણી બધી મહત્વની બાબતોને લઈ માર્ગદર્શન આપનાર હોવાનું જાણવા મળેલ છે.

આગામી સપ્ટેમ્બરમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. જેમાં ૨૦૧૧ ની વસતીગણતરીને ધ્યાને રાખી સિમાંકનમાં ફેરફાર થવાનો હોવાથી નવી વોર્ડરચના માટે મહેસુલી અધિકારીઓને વિશેષ માર્ગદર્શન મળી રહે તે હેતુ છે.

લોકસંવાદ સેતુના કાર્યક્રમ બાદ જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠક જિલ્લા કલેક્ટરે દહેગામ ખાતે જ બોલાવી છે.

સોમવાર એ સરકારી કચેરીઓના સપ્તાહનો પ્રથમ દિવસ હોઈ અધિકારીઓની બેઠક નહિ બોલાવવી તેવા સરકારના નિર્ણયનો સરકારના મંત્રીશ્રીની હાજરીમાં જ ભંગ થશે. જિલ્લા કલેક્ટરશ્રી દર સોમવારે જ બેઠક બોલાવે છે અને ચર્ચાઓ કરે છે. મુલાકાતીઓ માટેની વ્યવસ્થાનો અભિગમ તેમનો જુદો છે જે ઉલ્લેખનીય છે.

લોક સંવાદ સેતુના કાર્યક્રમમાં આ પ્રશ્ન પણ રજુ થાય તેવા સંકેતો મળી રહ્યા છે જો કે તંત્ર તેમાં સફળતા મળવા દે છે કે નહિ તેના પર સૌની નજર મંડાયેલી છે.

## ખૂણે... ...ખાંચરેથી

- ૯મીએ ગુર્જરધરાના મહાકવિ નરસિંહ મહેતાની પ્રતિમા મુકિતધામ ખાતે મુકવામાં આવનાર છે.
- નવી ગુજરાતી ફિલ્મ બેયાર ના કલાકારો ગાંધીનગરના અતિથી બન્યા હતા.
- ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે વીજળી પડતાં એક ભેંસ અને એક મહિલાનું મોત નીપજ્યું હતું.
- ગાંધીનગરની ગુરૂકુલ સ્કુલના ૧૯૯૨ની બેચના વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ આજે યોજાયો હતો.

# પ્રધાનમંત્રીના આગમનના પગલે ચૂસ્ત બંદોબસ્ત

## ૧૭મીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગર આવશે : બે દિવસમાં બંદોબસ્ત સ્કીમ પણ તૈયાર થઈ જશે : એસ.પી.જી. સુરક્ષા કવચ સાથે મોદી પ્રથમવાર ગાંધીનગર આવશે : મોદીની સુરક્ષા માટે ૫૦ હથિયારધારી જવાનો અત્યારથી મહાત્મા મંદિર મુકી દેવાયા

ગાંધીનગર, તા. ૭

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના જન્મદિને ૧૭મી સપ્ટેમ્બરે ગાંધીનગરની મુલાકાતે આવનાર છે. મહાત્મા મંદિરે તેમના એક કાર્યક્રમને પગલે મોદીની સુરક્ષા અને સલામતીના ભાગરૂપે અત્યારથી જ ૫૦ હથિયારધારી પોલીસ જવાનોની ટુકડી મહાત્મા મંદિર ખાતે તૈનાત કરી દેવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એસ.પી.જી. સુરક્ષા કવચ મળ્યા બાદ પ્રથમવાર ગુજરાત આવશે. ૧૭મી સપ્ટેમ્બરે તેમનો જન્મ દિવસ છે. તે જ દિવસે ચિનના રાષ્ટ્ર પ્રમુખ શી ચિંગ પીંગ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આવી રહ્યા છે. તેમના સ્વાગત માટે નરેન્દ્ર મોદી પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે. જેને પગલે મહાત્મા મંદિર ખાતે અત્યારથી જ વડાપ્રધાન મોદીની સુરક્ષા વ્યવસ્થાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ૫૦ હથિયારધારી જવાનો મહાત્મા મંદિરે તૈનાત કરી દેવામાં આવ્યા છે. તો બીજી તરફ બંદોબસ્ત સ્કીમ પણ બે દિવસમાં તૈયાર કરી દેવામાં આવશે.

## ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

વ્યવસ્થા -દેશ ભાજપે વિચારી છે. પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી ૧૭ ? ? સપ્ટેમ્બરે મોદી પહેલીવાર ગુજરાત આવી રહ્યાં છે. આ દિવસે તેઓ તેમની માતા હિરાબા ના આશીર્વાદ અવશ્ય લેતા હોય છે. સંભવ છે કે તેમની સાથે ચાઈનાના પ્રેસિડેન્ટ પણ ગુજરાતમાં આવે, હાલ આ બરાબર મહેમાનોનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે. કચ્છના સફેદ રણમાં કચ્છ ટુરિઝમ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા મોદીના જન્મદિનની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવશે, જેમાં ગુજરાતના જે કોઈ ભાઈ કે બહેનનો જન્મદિન ૧૭મી



**સરકાર આખી કોર્પોરેટ બની ચૂકી છે...**

મહિલા સશક્તિકરણના અભિયાન પછી ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે હાલ ઈન્ડસ્ટ્રીયલ ગુજરાત ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. રાજયમાં ઓન ગોઈંગ તેમજ અપ-કમિંગ ઈન્ડસ્ટ્રીઝને સહન કરવી પડતી આપત્તિઓને દૂર કરવાના કામમાં ઓફિસરોને લગાડી દેવામાં આવ્યા છે. જાન્યુઆરી મહિનામાં ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી ત્રણ દિવસ સુધી ગુજરાતના

● અનુસંધાન પાન-૭ પર

## આપણી ચલણી નોટો પ્લાસ્ટીકમાં છપાશે તો લખાણ નહીં કરી શકાય : પ્રેસ, પોલીસ અને વકીલને બેન્ક લોન આપવાનો ઈન્કાર એટલે સજા

# વેબસાઈટને અપડેટ કરી અદ્યતન બનાવવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા. ૭

વિભાગો દ્વારા વેબસાઈટો અપડેટ કરીને અદ્યતન વિગતો મુકવામાં આવતી ન હોવાની બાબત અંગે રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને તમામ વિભાગોને તેમની વેબસાઈટો અપડેટ કરીને અદ્યતન કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો દ્વારા પોતાની અલગ અલગ વેબસાઈટો તૈયાર કરવામાં આવી છે. વેબસાઈટો પર વિભાગોએ તેમની કામગીરી અને પ્રવૃત્તીની વિગતો આમ પ્રજા ઘરે બેઠા મેળવી શકે તે માટે મુકવાની હોય છે.

પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ વિભાગો દ્વારા બનાવવામાં આવેલી વેબસાઈટોની સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા દરમિયાન એવું ધ્યાન પર આવવા પામ્યું હતું કે કેટલાક વિભાગોની વેબસાઈટ અપડેટ કરવામાં આવેલ ન હતી અને જુની વિગતો જ વેબસાઈટ પર મુકાયેલી હતી. જ્યારે કેટલાક વિભાગોની વેબસાઈટમાં ફોન્ટસના પ્રશ્નના કારણે વેબસાઈટ પરની વિગતો વાંચી શકાતી ન હતી.

આ બાબતો અંગે સરકારે ગંભીર નોંધ લઈને તમામ વિભાગોને તેમની વેબસાઈટો અપડેટ કરીને અધ્યતન બનાવવા માટેની કડક તાકીદ કરવામાં આવી છે. આ તાકીદના પગલે વિભાગો દ્વારા તેમની વેબસાઈટ અદ્યતન કરવા માટેની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.



રોંઢાનું ટાણું - કેવી ભવ્ય તસવીર... કેવી બિન્દાસ્ત તસવીર... ગાંધીનગરમાં જ આવો ગ્રામીણ મીજાજ કેમેરામાં કંડારાયો ત્યારે એ સૌરાષ્ટ્રના ગ્રામીણ લહેકાની યાદ તાજી થાય છે... સમી સાંજે ગ્રામીણ મહિલા પરિવાર માટે ટીપીને રોટલો ઘડે અને કલાઢીમાં શેકે એ સાંભળતા જ મોંમા પાણી આવી જાય છે... પીઝા અને પાસ્તાના ટેસ્ટ તો રોટલાની મીઠાશ સામે ફિક્કા લાગે... પણ ત્યારે જ કે જ્યારે આપણી સંસ્કૃતિ અને સંસ્કાર પ્રત્યે મમત્વ હોય... ગ્રામીણ મહોલની અનુભૂતિ હોય... અને જીવનના અસલ મીજાજની અભિવ્યક્તિ હોય ત્યારે આ રોટલો મીઠો લાગે છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# રવિવારે શહેરમાં ઉઘાડ નીકળ્યો

## વરસાદી વાતાવરણની અસર નીચે ઘરે ઘરે બીમારીના ખાટલા : ઉઘાડ નીકળતા ગૃહિણીઓ ખુશખુશાલ

ગાંધીનગર, તા.૭

આ વર્ષે વરસાદની સિઝન મોડી શરૂ થઈ. વરસાદ ભાદરવા મહિનામાં ખુબ વરસ્યો છેલ્લા ઘણા દિવસોથી વરસાદી વાતાવરણ રહ્યા બાદ રવિવારે શહેરમાં ભરપુર ઉઘાડ નીકળ્યો હતો. વસાહતીઓ ખાસ કરીને ગૃહિણીઓ ખુશખુશાલ બની ગઈ હતી.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી સંપૂર્ણપણે વરસાદી વાતાવરણ છવાયેલું છે. વરસાદના આ સ્પેલમાં ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં સારો કહી શકાય તેવો વરસાદ પડયો હતો. સમગ્ર સપ્તાહ દરમિયાન ઝાપટા પડતા રહ્યા હતા.

મોડો શરૂ થયેલો વરસાદ સીઝનના અંતમાં જામ્યો હતો. મેઘરાજાએ છેલ્લે છેલ્લે કૃપા દર્શાવતા અછત અને દુષ્કાળનો ભય હાલ પુરતો ટળી ગયો છે. જો કે હવે વરસાદ ન પડે તેવું સૌ કોઈ ઈચ્છી રહ્યા છે. કારણ કે છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં વરસાદી વાતાવરણ છવાયેલું હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. વળી વાયરલ ઈન્ફેકશનના દર્દીઓ ખુબ વધ્યા છે. નાની મોટી બિમારી લગભગ દરેક ઘરમાં જોવા મળી રહી છે. વળી છેલ્લા ચાર પાંચ દિવસોથી વાદળછાયા વાતાવરણના કારણે ગૃહણીઓ ત્રાસી ગઈ હતી. રવિવારે ઉઘાડ નીકળતા તેઓએ ભેજવાળા કપડાં તડકે સુકવવા મુકયા હતા. વરસાદ બંધ થઈ જતા નવરાત્રી પ્રેમીઓ ખુબ ખુશ થઈ ગયા છે. ગયા વર્ષે નવરાત્રી દરમિયાન વરસાદ ચાલુ રહ્યો હોવાથી આ વર્ષે પણ નવરાત્રી-ગરબાની મજા બગાડશે તેવી દહેશત સૌને રહી હતી. હવે ઉઘાડ નીકળતા આયોજકોએ પુરજોશમાં નવરાત્રીની તૈયારીઓ શરુ કરી દીધી છે. આગામી દિવસોમાં હવે જો વરસાદ ન પડે તો આ શહેરમાં શાનદાર નવરાત્રી જોવા મળશે.

# આગામી ૪૮ કલાકમાં રાજ્યમાં ભારે વરસાદની આગાહી

## તા. ૧૦ મી ૧૫ મી સપ્ટેમ્બર દરમિયાન પર્વતાકાર મેઘ ચઢે ત્યાં પડે પવનના જોર સાથે દરિયામાં મોટા મોજા ઉછળશે : ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં પણ ભારે વરસાદ અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૭

તાજેતરમાં વરસાદે વિરામ લીધો છે પરંતુ આગામી દિવસોમાં સંજોગો જોતા હજુ પણ બંગાળાના ઉપસાગરનું વરસાદી વહન સક્રીય બને અને પશ્ચિમ કાંઠાના વહનની સક્રીયતા સાથે રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહેલી છે તેવું જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરી છે.

મહારાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદની વકી સાથે આગામી ૪૮ કલાકમાં ઉત્તર ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદની વકી રહે. જ્યારે સપ્ટેમ્બર તા. ૧૦મીથી રાજ્યના ઘણા ભાગોમાં વરસાદી સંજોગો બને તેવી શક્યતા છે. વળી, સમુદ્રમાં મોટા મોજાં ઉછળે અને પવનના જોર સાથે દરિયાકિનારાના ભાગોમાં વરસાદ આવે તેવી ભીતિ છે. પર્વતાકારનો મેહ ગાજવીજ સાથે વરસશે. હજુ પણ દક્ષિણ ગુજરાત સહિત પૂર્વ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદ આવી શકે તેમ છે. ઢગ આકારનો મેઘ જ્યાં ચઢે ત્યાં પડે.

ભૂ-ભૌગોલિક બાબતો ગ્રહો તેમજ અન્ય આધારે જોતા સપ્ટેમ્બર-૨૦૧૪ ના ૧૦ થી ૧૫ માં સાતપૂડા પર્વતના ભાગો, વિધ્યં, રાજપીપળાના ભાગો, ચોટીલા પર્વતના ભાગો તેમજ કચ્છના ભાગોમાં વરસાદી વહન સાથે ઘણા ભાગોમાં ભારે વરસાદના યોગો કરે. ઉત્તર ગુજરાત, સાબરકાંઠાના ભાગો, બનાસકાંઠાના ભાગો, પાલનપુર, ડીસા, ભાંભર અને દાંતીવાડા વિગેરે ભાગોમાં પણ આગામી દિવસોમાં વરસાદની વકી રહે. સપ્ટેમ્બર તા. ૧૪ થી ૨૩ માં પણ પવન સાથે પર્વતાકારનો મેઘ જ્યાં ચઢે ત્યાં પડે. સપ્ટેમ્બર તા. ૨૩ થી ૨૭ માં દરિયાકિનારે પવન ફુંકાવાની વકી રહી. રાજસ્થાન અને મધ્ય પ્રદેશના ઘણા ભાગોમાં પણ વરસાદની વકી રહે. નર્મદાનું જળસ્તરમાં વધારો જણાય. સપ્ટેમ્બર તા. ૮-૯ માં ઓરિસ્સાના ભાગો તેમજ મહારાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદની વકી રહે. સપ્ટમ્બર તા. ૧૩ થી ગરમીનું પ્રમાણ વધે અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થતો વરસાદ કૃષિ પાકો માટે સારો રહે. વળી, ગરમીનું પ્રમાણ ઉભા ધાન્ય પાકોના નિંધલેલ દાણા માટે હળવો વરસાદ અને ગરી સાનુકૂળ ગણાય. આ આગાહી કૃષિલક્ષી કરેલ છે.

# પિતૃતર્પણનું પર્વ-શ્રાદ્ધ

## આવતીકાલથી શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ થશે : નગરજનો પિતૃઓને તર્પણ કરવા ખીર-પુરીનો કાગવાસ અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૭

હિન્દુ ધર્મની માન્યતા પ્રમાણે પિતૃઓની આત્માની શાંતિ માટે શ્રાધ્ધ પક્ષમાં પિતૃતર્પણ કરવામાં આવે છે. આ શ્રાધ્ધપક્ષ ભાદરવા મહિનાની વદ એકમથી શરૂ થાય છે અને અમાસ સુધી ચાલે છે. આ પક્ષને પિતૃપક્ષ પણ કહેવામાં આવે છે. આ વર્ષે તા. ૯મી સપ્ટેમ્બરથી શ્રાધ્ધપક્ષનો પ્રારંભ થઈ રહ્યો છે. ગાંધીનગરમાં શ્રધ્ધાળુઓ આ શ્રાધ્ધ પક્ષમાં પોતાના પિતૃની તિથી પ્રમાણેના દિવસે શ્રાધ્ધ અર્પણ કરવા ધાબે ચઢીને દૂધપાક-પુરીનો કાગ-વાસ નાંખતા જોવા મળશે.



ભગવત્ગીતામાં એવું કહેવાયું છે કે મનુષ્ય જન્મ-મૃત્યુ પામે છે. પરંતુ તેનો આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી. આત્મા અમર છે જે વસ્ત્રની જેમ એક શરીરથી બીજુ શરીર ધારણ કરે છે. પરંતુ કેટલીકવાર આત્મા કેટલાક કારણોસર તેની અધુરી રહી ગયેલી તૃષાઓના કારણે બીજુ શરીર ધારણ કરતો નથી. અથવા શાંતિને પામતો નથી. આ દરમિયાન આત્મા પ્રેત યોનિમાં ભટકતો રહે છે તેવી માન્યતા છે. આત્માની શાંતિ અને પ્રેમ યોનિમાંથી મુક્તિ માટે તેના વારસો દ્વારા પિતૃ તર્પણ કરવામાં આવે છે. શ્રાધ્ધ પક્ષ દરમિયાન કરવામાં આવેલ પિતૃતર્પણ વિધિના કારણે આત્માના પ્રેતયોનિમાંથી છુટકારો થાય છે અને તે શાંતિ તરફ ગતિ કરે છે. આ પક્ષમાં પિતૃઓનું શ્રાધ્ધ, તર્પણ, મુક્તિ માટે વિધિ કરીને તેમને અર્ધ્ય સમર્પિત કરવામાં આવે છે અને પિતૃઓની શાંતિ માટે શ્રાધ્ધકર્મ કરવામાં આવે છે. આમ એક રીતે જોઈએ તો, શ્રાધ્ધ પર્વ એ સંભારણાનું પર્વ છે. જેમાં મૃત સ્વજનોને યાદ કરીને તેમને તર્પણ અર્પવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com